**<u>ડભોઈના એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (શ્રી ડો.ગંગા દત્ત શર્મા) સાહેબની અદાલતમાં, મુ.ડભોઈ.</u>**

**ફોજદારી કેસ નંબર–૧૨૨૯/૨૦૨૬**

**ફરીયાદીઃ–** **શ્રી સરકાર**

**<u>વિરુદ્ધ</u>**

**આરોપીઃ–** **લકડભાઈ ઉર્ફે મહેશભાઈ રસીકભાઈ વસાવા**

**ગુન્હોઃ–** **<u>ધી મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૮૫ ,૧૭૭ તથા ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૬૬(૧)બી મુજબ.</u>**

## – <u>ચુકાદો</u> –

(૧) આ કામે ફરીયાદપક્ષે આરોપી વિરુદ્ધ ધી મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૮૫,૧૭૭ તથા ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૬૬(૧) બી મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતા તેઓ આજરોજ કોર્ટ રૂબરૂ હાજર થતાં , પોલીસ પેપર્સની નકલ આપી, આ ગુનો તેઓ સ્વેચ્છાએ કબુલાત કરવા માંગે છે તેમ જણાવી, તે અંગે કબુલાત પુરસીસ રજુ કરતા, આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીએ સ્વેચ્છાપુર્વક ગુનાની કબુલાત કરી, કેસનો નિકાલ કરવા માંગતા હોય તેમજ તેઓને આ પ્રથમ ગુનો હોય અને ભવિષ્યમાં આવો ગુનો ન થાય તેની કાળજી રાખવાનું જણાવી રહેમ કરવા રજુઆત કરેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબુલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં, સ્વેચ્છાપુર્વક ગુનો કબુલ કરેલ છે. આમ, આરોપીની કબુલાત પુરસીસ, સજાની જોગવાઈ, કેસના સંજોગો તેમજ આરોપીપક્ષે કરવામાં આવેલ રજુઆતોને લક્ષમાં લેતાં, આરોપીને હળવી સજા કરી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય જેથી, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## – <u>આખરી હુકમ</u> –

(૩) હાલના આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૪૧ અન્વયે **ધી મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૮૫,૧૭૭ તથા ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૬૬(૧)બી** મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ **<u>રૂા.૨૧૦૦/– (અંકે રૂપિયા બે હજાર એકસો પુરા)</u> <u>નો દંડ</u>** કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો, દિન–૦૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ **૧૧** મી**,** માહે **જુલાઈ,** સને **૨૦૨૬** ના રોજ નેશનલ લોકઅદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૧ – ૦૭ –૨૦૨૬
સ્થળ:– ડભોઈ
**લોકઅદાલત.**

(ડો. ગંગા દત્ત શર્મા)
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
ડભોઈ .જી. વડોદરા
CODE-GJ01360